# વાયબ્રન્ટ સમિટની તૈયારીઓને આખરી ઓપ

મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી એ વરિષ્ઠ મંત્રીઓ અને મુખ્ય સચિવ સહિતના પ્રશાસનિક અધિકારીઓ સાથે મહાત્મા મંદિરની એક કલાક સુધી મુલાકાત લઈને વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ની આખરી તબક્કાની તૈયારીઓનું તલસ્પર્શી નિરીક્ષણ કર્યું હતું.

વિજય ભાઈ રૂપાણીએ સમગ્ર પરિસરમાં ફરીને ઝીણવટ ભરી વિગતો મેળવી હતી. અને જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે આ મુલાકાત બાદ કહ્યું કે આ વખતે વાયબ્રન્ટ સમિટમાં ૩૦ હજારથી વધુ વ્યક્તિગત રજીસ્ટ્રેશન થયું છે. તેમજ ૨૬ હજારથી વધુ કંપનીઓ ૧૧૫થી વધુ દેશોના ડેલીગેશન્સ ૧૫ પાર્ટનર કન્ટ્રી જોડાવાના છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે આ સમિટનું ઉદ્દઘાટન પ્રધાનમંત્રી ૧૮મીએ સવારે કરવાના છે.

આ વખતે સમિટમાં આફ્રિકા-ડે, સાયન્સ સિટીમાં ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી સેમિનાર, શોપિંગ ફેસ્ટિવલ તેમજ ૪૫ જેટલા ગ્લોબલ સીઈઓ સાથે વિકાસ માટેના ફન્ડ અંગેનો સેમિનાર મુખ્ય આકર્ષણ રહેશે.




એમએસએમઈ કન્વેન્શન સહિત ગુજરાતના ભવિષ્યના વૈશ્વિક વિકાસ આયોજન સમાન સ્પ્રિન્ટ-ટુ ૨૦૨૨ અને બી ટુ બી મીટ, કન્ટ્રી સેમિનાર પણ મહત્વ પૂર્ણ બની રહેશે તેમ વિજયભાઈએ કહ્યું હતું.

મહાત્મા મંદિર પરિસરમાં પ્રધાનમંત્રીની વન ટુ વન બેઠકો માટે અલાયદી લૉંજ અને પાર્ટનર કન્ટ્રીઝ માટે પણ લૉંજ બનાવવામાં આવી છે તેની વિગતો અને ગ્લોબલ ટ્રેડ-શોના વિવિધલક્ષી સ્ટોલ્સ, બાયર-સેલર મીટ, અમદાવાદમાં શોપિંગ ફેસ્ટિવલ આયોજન વગેરેની પણ વિસ્તૃત વિગતો મુખ્યમંત્રીએ આપી હતી.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વાઈબ્રન્ટ વિઝીટનો કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ૧૭ જન્યુઆરી | બપોરે ૨ કલાકે | અમદાવાદ એરપોર્ટથી ગાંધીગર હેલીપેડ જવા પહોંચશે |
| | ૨ : ૨૫ | હેલીપેડ થી સે-૧૭ એકઝિબીશન સેન્ટર પર જવા રવાના |
| | ૨ :૩૦ | ઉદઘાટન ગ્લોબલ ટ્રેડ શો |
| | ૩ : ૩૫ | એકઝિબીશન સેન્ટરથી અમદાવાદ જવા રવાના |
| | ૬ : ૩૫ | રીવર ફ્રન્ટ અમદાવાદથી ગાંધીનગર મહાત્મા મંદિર પહોંચશે |
| | ૭ : ૦૦ | મહાત્મા મંદિરમાં કાર્યક્રમમાં આગમન |
| | ૯ : ૦૫ | મહાત્મા મંદિરથી રાજભવન જવા રવાના |
| ૧૮ જાન્યુઆરી | ૮ : ૨૦ | રાજભવનથી મહાત્મા મંદિર જવા નિકળશે |
| | ૮ :૩૫ સાંજે | દાંડી કુટીરથી રાજભવન જવા નિકળશે |
| ૧૯ જાન્યુઆરી | ૧૧ : ૦૦ | રાજભવન ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ જવા રવાના |
| | ૧૧ : ૩૦ | એરપોર્ટથી સુરત જવા નિકળશે |

## સમિટમાં કોણ-કોણ આવશે

### પ્રતિષ્ઠિત ઊદ્યોગ સંચાલકો- સીઈઓ જોડાશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જે સમારોહ યોજાવાનો છે તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુકેશ અંબાણી, તાતા સન્ના ચેરમેન શ્રી એન. ચંદ્રશેખરન, આદિત્ય બિરલા ગ્રૂપના ચેરમેન શ્રી કુમાર મંગલમ બિરલા, અદાણી ગ્રૂપના ચેરમેન શ્રી ગૌતમ અદાણી, ગોદરેજ ગ્રૂપના ચેરમેન શ્રી અદિ ગોદરેજ, સુઝલોન એનર્જી લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી તુલસી તંતી, કેડિલા હેલ્થકેરના ચેરમેન શ્રી પંકજ પટેલ, ટોરેન્ટ ગ્રૂપના ચેરમેન શ્રી સુધીર મહેતા, ભારત ફોર્જના ચેરમેન શ્રી બાબા કલ્યાણી, કોટક મહિન્દ્રા બેન્કના વાઈસ ચેરમેન અને સીઈઓ શ્રી ઉદય કોટક, કેડિલા ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજીવ મોદી, આઈટીસી લિ.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજીવ પુરી, ભારતી એન્ટરપ્રાઈઝિસના વાઈસ-ચેરમેન અને સીઆઈઆઈના પ્રેસિડેન્ટ શ્રી રાકેશ ભારતી મિત્તલ, હિન્દુસ્તાન સેનિટરીવૅર એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના સીએમડી અને ફિક્કીના પ્રેસિડેન્ટ શ્રી સંદીપ સોમાની, વેલસ્પન લિ.ના ચેરમેન શ્રી બી. કે. ગોયેન્કા, એચડીએફસીના ચેરમેન શ્રી દીપક પારેખ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ચેરમેન શ્રી રજનીશ કુમાર, ઓએનજીસીના ચેરમેન શ્રી શશી શંકર, આઈઓસીએલના ચેરમેન શ્રી સંજીવ સિંહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.



ઉત્તરાયણની ઉજવણીમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અમદાવાદની કામેશ્વરની પોળ ખાતે પતંગ ઉડાડી અમદાવાદીઓ સાથે જોડાયા હતા... ભાજપનો પતંગ ઉંચે ને ઉંચે જવાનો છે એવી વાત સાથે સૌની સાથે ઉત્તરાયણની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાયું

**વાઇબ્રન્ટ સમિટ પૂર્ણ નહીં થાય ત્યાં સુધી સર્કલ ટુ સર્કલ હથિયાર સાથે પોલીસ દેખાશે : શહેરમાં પ્રવેશતા તમામ વાહનો પર પોલીસની વોચ રહેશે : દરરોજ હોટલ-ગેસ્ટ હાઉસનું ચેકિંગ કરાશેઃ પાંચ દિવસ પાટનગરમાં તૈનાત સુરક્ષાકર્મીઓ માટે ૪૮ હજાર ફુડ પેકેટની વ્યવસ્થા કરાઈ : વાઇબ્રન્ટ સમિટ દરમિયાન કોઈ મોરચો વિરોધ કરવા આવી ન જાય તે માટે ખાસ ટીમો બનાવાઇ**

ગાંધીનગર, તા.૧૫

વાઈબ્રન્ટ સમિટને પગલે ગાંધીનગર શહેરમાં લોખંડી બંદોબસ્તની તૈયારીઓ કરી દેવામાં આવી છે ત્યારે સમગ્ર રાજ્યમાંથી આ બંદોબસ્તના અનુભવી પોલીસ અધિકારી-કર્મચારીઓને પણ ગાંધીનગરમાં બોલાવવામા



આવ્યા છે. વાઈબ્રન્ટ સમિટમાં એસઆરપીની કંપનીઓ સહિત પાંચ હજાર જેટલા સુરક્ષા કર્મીઓને ગાંધીનગરમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે. જેને પગલે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ છે. સુરક્ષા અને સલામતિના તમામ દ્રષ્ટીકોણથી ચકાસણી કરીને બારીકાઈથી આ બંદોબસ્ત સ્કિમ બનાવવામાં આવી છે. જો કે નોંધનીય બાબત એ છે કે અગાઉના વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તની સરખામણીમાં આ સમિટમાં બંદોબસ્ત ઓછો રાખવામાં આવ્યો છે. આજથી ગાંધીનગર પોલીસને હવાલે કરી દેવામાં આવ્યુ છે. એટલુ જ નહીં શહેરમાં પ્રવેશતા તમામ વાહનો પર વોચ રાખવા કડક સુચના આપવામાં આવી છે.

પાટનગર ગાંધીનગરમાં દર બે વર્ષે ગુજરાત સરકાર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## 'વાઈબ્રન્ટ' બંદોબસ્તમાં તૈનાત પોલીસ કાફલો

૩-ડીઆઈજીપી ● ૬- આઈજીપી ● ૨૧-ડીએસપી ● ૮-એએસપી ● ૬૫-ડીવાયએસપી ● ૧૩૦-પોલીસ ઈન્સ્પેક્ટર ● ૨૦૦ પીએસઆઈ ● ૩૬-મહિલા પીએસઆઈ ● ૨૬૦૦-પોલીસ જવાનો ● ૨૯૦-મહિલા પોલીસ ● ૨૦૦- ટ્રાફિક પોલીસ ● ૧૦૦૦-એસઆરપી જવાનો ● ૧૦-બૉંબ ડિસ્પોઝલ સ્કવોર્ડ ● ૧૦-ક્યુઆરટી(ક્વીક રિસ્પોન્સ ટીમ) ● ૧૦-એન્ટી મોરચા સ્કવોર્ડ ● ચેતક કમાન્ડો ● એક કંપની મહિલા એસઆરપી

## મનપાના કાનૂની વિવાદમાં વધુ એક મુદત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાના કાનૂની વિવાદમાં હવે ૧૭મી જાન્યુઆરીની મુદત પડી છે. આજે આ કેસની સુનાવણી હતી પરંતુ વકીલોની હડતાલને પગલે કોઈ જ કાર્યવાહી થઈ ન હતી.

દરમ્યાન આજે અદાલતમાં ભાજપના વકીલ ચિત્રજીત ઉપાધ્યાયે કોંગીના કાઉન્સીલર અંકિત બારોટ મોબાઈલથી કાર્યવાહી શુટ કરી રહ્યાનો ગંભીર આક્ષેપ લગાવ્યો હતો. આથી તાત્કાલિક અંકિત બારોટનો મોબાઈલ ફોન કબ્જે લેવાનો અદાલતે આદેશ આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ટ્રેડ-શોમાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઉભુ કરાશે

ગાંધીનગર, તા. ૧૫

એકઝીબીશન સેન્ટર ખાતે યોજાનાર ગ્લોબલ ટ્રેડ શૉ માં સરકાર દ્વારા આયુષ્યમાન ભારત અંતર્ગત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઉભુ કરવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ઉપરાંત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના વિશેની પણ વિગતો પણ રજુ કરતો સ્ટોલ ઉભો કરવામાં આવનાર છે.

ગ્લોબલ ટ્રેડ શૉ માં ડોમ નં. ૧૧માં આ અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર માટે જિલ્લા આરોગ્યતંત્રના અધિકારીઓને પણ પ્રતિનિયુક્તી પર ફરજ સોંપવામાં આવનાર છે.

આયુષ્યમાન ભારત એ ગેમવેન્જર હોવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી માની રહ્યા છે. તેઓ આ યોજનાના અમલીકરણમાં સીધો રસ લઈ રહ્યા છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં ગોલ્ડન કાર્ડ આપી રૂ. ૫ લાખ સુધીની મફત સારવાર ઉપલબ્ધ થનાર છે તેની પણ વિગતો સાથેનો સ્ટોલ અલાયદો ઉભો કરવામાં આવી રહ્યો છે.

મળતી આધારભુત વિગતો પ્રમાણે આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અને પીએમજેવાય માટે ભારત સરકારના અધિકારીઓની એક ઉચ્ચસ્તરીય ટીમ પણ અહિ આવી પહોંચી છે. કેન્દ્રની ટીમના માર્ગદર્શન નીચે આ આખોય સ્ટોલ ટ્રેડ શૉનું આગવુ આકર્ષણ બનશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૩૦ થી વધુ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરો કાર્યરત કરી દેવામાં આવ્યા છે જે પણ નોંધનીય છે.

હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં યોગા માટેની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ ઉપરાંત અન્ય આરોગ્ય સેવાઓ તેમજ આ કેન્દ્ર માનવજીવનમાં શું મહત્વ ધરાવે છે તેની નાનામાં નાની વિગતોની પ્રસ્તુતિ કરવામાં આવનાર છે.

## શહેરના યુવા અગ્રણી હર્ષજીત પંડ્યાનુ ટૂંકી માંદગીના અંતે દુઃખદ અવસાન

**શહેરમાં ઘેરા શોકની લાગણી : ટુંકી બિમારીના અંતે ઉતરાયણના દિવસે નગરના યુવા અગ્રણીનુ દુખદ અવસાન થતા બ્રહ્મસમાજ સહીત રાજકીય વર્તુળમાં પણ ઘેરા શોકની લાગણી : આજે સવારે ૮ કલાકે અંતિમ યાત્રા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર કોંગ્રેસના યુવા નેતા અને બ્રહ્મસમાજના યુવા અગ્રણી હર્ષજીત પંડયાનુ માંદગીના અંતે ઉતરાયણના દિવસે અવસાન થયુ છે. ૩૦ વર્ષીય હર્ષજીતના અવસાનથી નગરજનોમાં શોકની લાગણી વ્યાપી છે. જયારે બ્રહ્મસમાજ સહીત નગરના યુવાનો તેમજ અગ્રણીઓએ પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. અગાઉ કોર્પોરેટર તરીકે ઉમદા સેવા આપી ચુકેલા હર્ષજીતે લોકહ્દયમાં પણ આગવુ સ્થાન બનાવ્યુ હતુ. તેમની અંતિમ યાત્રા આજે સવારે ૮ કલાકે સે-૨૮ માં તેમના નિવાસ સ્થાનેથી નિકળશે.



ગાંધીનગર કોંગ્રેસના યુવા નેતા અને પુર્વ કાર્પોરેટર હર્ષજીત પંડયાનુ ટુંકી માંદગીના અંતે દુખદ અવસાન થયુ છે. યુવા અગ્રણી હર્ષજીત પંડયાના અવસાનથી બ્રહ્મસમાજમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. મળતાવડા સ્વભાવ અને જુસ્સાદાર યુવા પ્રતિભા ધરાવતા હર્ષજીતે ટુંકા સમયગાળાની રાજકીય કારકીર્દીના અંતે શહેરમાં લોકચાહના મેળવી આમ નાગરિકોના હ્દયમાં સ્થાન મેળવ્યુ હતુ. રાજકીય વર્તુળમાં પણ ચહીતા યુવા નેતા હર્ષજીતની અકાળે વિદાયથી કોંગી આગેવાનો સહીત નગરના અગ્રણીઓએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. અગાઉ વોર્ડ નં -૨ માં થી કોંગ્રેસમાંથી નગરસેવકની ચુંટણીમાં જંપલાવી હર્ષજીતે કાર્પોરેટર તરીકે ઉમદા કામગીરી કરી હતી. છેલ્લા કેટલાક સમયથી બિમારીથી પીડાતા ૩૦ વર્ષીય હર્ષજીતનુ ટુંકી માંદગીના અંતે ઉતરાયણના દિવસે દુખદ અવસાન થતા નગરના યુવા

● અનુસંધાન પાન-૭ પર


## અંજલિ



**સ્વ. હર્ષજીત હસમુખભાઈ પંડ્યા**
(પૂર્વ કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા)

**અરે, દોસ્ત...**
**તારી અણધારી વિદાય**
**અમને ધ્રુજાવી ગઈ...**
હવે તો...
મરણ અહીં છો રહ્યું...
સ્મરણમાં વહે જીંદગી...

**સદ્દગતના આત્માની ચિર શાંતિ માટે પરમતત્વને પ્રાર્થના...**

**ભાવિન પટેલ**
તથા
**પનઘટ કલા કેન્દ્ર પરિવાર**
ગાંધીનગર



## પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ.ભાવનાબેન નવિનચંદ્ર ધ્રુવ**
સ્વ.તા.૧૫-૧-૨૦૧૮

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**જયેશ, સંજય, દિલીપ** (પુત્રો)
**હિના, રશ્મી, ભાવના** (પૂત્રવધૂઓ)
**રોનક, રોહન** (પૌત્રો)
**કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા** (પૌત્રીઓ)



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com